# જળ ક્ષેત્રે આત્મનિર્ભર બનવા કટિબદ્ધ બનાસ ડેરી

**ગામડાંઓને સુખી, સમૃદ્ધ અને સર્વોપરી બનાવવામાં મુખ્ય ભૂમિકા ભજવશે બનાસકાંઠા જિલ્લાનાં અમૃતમય તળાવો**



પ્રકાશનઃ- ઈન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર (બનાસ ડેરી), બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પો.બો. ૨૦, પાલનપુર-૩૮૫૦૦૧

Banas Dairy
India's Pride - Asia's Best

બનાસની ધરતીનો
# ધબકાર

અંકઃ ૬ | જૂન-૨૦૨૩
www.banasdairy.coop | banasdairy1969 | banasdairy1969 | banasdairy1969 | banasdairymedia

**વિકાસ પર પશુપાલકોનો વિશ્વાસ અકબંધઃ** ચેરમેન પદે થઈ શ્રી શંકરભાઈ ચૌધરીની પુનઃ બિનહરીફ વરણી

**પશુપાલકોના હિતમાં કરાયો મહત્ત્વપૂર્ણ નિર્ણયઃ** દૂધના પ્રતિકિલો ફેટના ખરીદભાવમાં રૂ.૧૦નો કર્યો વધારો

**હરિયાળો બનાસઃ** અંબાજી સ્થિત ૫૧ શક્તિપીઠના વિસ્તારને હરિયાળો બનાવવા બનાસ ડેરીએ હાથ ધર્યું સીડ બોલ મહાઅભિયાન



# બનાસ ડેરીના ચેરમેનપદે શ્રી શંકરભાઈની પુનઃ બિનહરીફ વરણી

## વિકાસ પર પશુપાલકોનો વિશ્વાસ અકબંધ



એશિયાની સૌથી મોટી બનાસ ડેરીના ચેરમેન અને વાઈસ ચેરમેન પદને અઢી વર્ષની મુદત પૂર્ણ થતાં ૨ જૂન, ૨૦૨૩ના રોજ બનાસ ડેરી ખાતે પ્રાંત અધિકારીઓની અધ્યક્ષતામાં ચૂંટણી યોજવામાં આવી હતી, જેમાં નિયામક મંડળના સભ્યોના સમર્થનથી અને સર્વાનુમતે બનાસ ડેરીના ચેરમેન તરીકે ફરી વાર શ્રી શંકરભાઈ ચૌધરી અને વાઈસ ચેરમેન તરીકે શ્રી ભાવાભાઈ દેસાઈની બિનહરીફ વરણી કરવામાં આવી. છેલ્લાં સાત-આઠ વર્ષથી ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરી દ્વારા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સહકારથી સમૃદ્ધિના મંત્રને ચરિતાર્થ કરાયો છે તેમજ પશુપાલક અને ખેડૂતોના કલ્યાણ અર્થે સતત વિકાસલક્ષી કાર્યો, નિર્ણયો, યોજનાઓ અને પ્રોજેક્ટ્સ અમલમાં મુકાયા છે.

બનાસ ડેરીએ અત્યાર સુધી અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે. ગુજરાત સહિત આઠ રાજ્યમાં બનાસ ડેરીનો કાર્ય વિસ્તાર ફેલાયેલો છે. ડેરીના કારણે બનાસકાંઠાની મહિલાઓ આત્મનિર્ભર બની છે. બનાસ ડેરી સાથે ૩ લાખ ૭૬ હજાર સભાસદો જોડાયેલા છે. બનાસ ડેરીનું વાર્ષિક ટર્નઓવર ૧૫ હજાર કરોડથી વધારે છે. દિવસના ૩૫ કરોડ રૂપિયા પશુ પાલકના ખાતામાં જમા થાય છે. બનાસ ડેરીમાં દિવસનું ૮૦ લાખ લિટર દૂધ આવે છે. ગોબરમાંથી CNG પ્લાન્ટની સંકલ્પના સાર્થક થઈ છે. શ્વેતક્રાંતિની જેમ સ્વીટક્રાંતિમાં કામ કરીને ૩૫૦ ટન મધનું ઉત્પાદન કરવામાં આવ્યું છે. બનાસ ડેરીના પશુપાલકોએ દેશની પ્રથમ મેડિકલ કોલેજ બનાવી છે.

બનાસકાંઠા નિયામક મંડળે ફરી એક વાર શંકર ચૌધરી પર વિશ્વાસ મૂકીને તેઓશ્રીની વરણી ચેરમેન તરીકે કરી છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના માર્ગદર્શન હેઠળ ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ છેલ્લાં સાત-આઠ વર્ષમાં શ્વેતક્રાંતિને વેગ આપ્યો તેમજ સ્વીટક્રાંતિમાં અનેક રેકોર્ડ સ્થપાયા છે, જેના થકી મહિલા પશુપાલકો આર્થિક રીતે પગભર બન્યા છે. દેશભરમાં બનાસ ડેરીના અનેક પ્લાન્ટ પણ સ્થપાયા છે, નવી રોજગારી માટેના વિકલ્પ ઊભા થયા છે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ બનાસ ડેરીના આઠ વર્ષ અગાઉના ૫૪૦૦ કરોડના ટર્નઓવરને વધારીને ૧૮૦૦૦ કરોડથી વધુ કર્યું છે. આગામી સમયમાં પણ બનાસ ડેરી વિશ્વ ફલક પર પહોંચશે અને તેના આર્થિક માપદંડ વધારશે તેવો ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

**બનાસ ડેરીની સેવા કરવાનો પુનઃ અવસર આપવા બદલ આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ, કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ સાહેબ, ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલજી, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલજી તેમજ મોવડી મંડળ અને સમસ્ત બનાસ પરિવારનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું. આપણી બનાસ ડેરી આગામી સમયમાં પણ પશુપાલકોની સુવિધા અને સુખાકારી માટે કટિબદ્ધ રહીને સેવાકીય પ્રવૃત્તિઓ કરતી રહેશે : ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી**



# ચેરમેન શ્રી શંકરભાઈના નેતૃત્વમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાર્થક કરતી બનાસ ડેરી



શ્રી શંકરભાઈ ચૌધરી બનાસ ડેરીનું નેતૃત્વ છેલ્લાં આઠ વર્ષથી કરી રહ્યા છે. એમના સક્ષમ અને સબળ નેતૃત્વના કારણે પશુપાલકોની સમૃદ્ધિ તેમજ સુખાકારીમાં અઢળક વધારો થયો છે. બનાસ ડેરીના ઈતિહાસમાં તેઓ પ્રથમ વ્યક્તિ હશે કે જેમની ચેરમેનપદે બે વાર વરણી બિનહરીફ થઈ છે. એમની નીતિ, નિયત અને નેતૃત્વ પર પશુપાલકો અને ખેડૂતોને સંપૂર્ણ ભરોસો છે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના અથાગ પ્રયાસ અને પરિશ્રમનું પરિણામ છે આ નીચે દર્શાવેલ માહિતી :

- બનાસ ડેરીના દૂધ ઉત્પાદકોને દર મહિને ચૂકવાતી રકમ ૨૮૭ કરોડ રૂપિયાથી વધીને ૧૧૫૦ કરોડ રૂપિયા થઈ.
- આઠ વર્ષમાં બનાસ ડેરીની મૂડી ૨૩૧ કરોડ રૂપિયાથી વધીને ૮૧૫ કરોડ રૂપિયા થઈ.
- આઠ વર્ષમાં બનાસ ડેરીની મિલકત ૮૭૯ કરોડ રૂપિયાથી વધીને ૩૮૭૭ કરોડ રૂપિયા થઈ.
- બનાસ ડેરીની જમીન સંપત્તિ ૯૭૧ વીઘા બમણી થઈ.
- બનાસડેરીની સ્થાપનાથી લઈ ૪૫ વર્ષમાં ૨૦૫૦ કરોડ રૂપિયાનો ભાવફેર ચૂકવાયો હતો. તેની સામે શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં માત્ર આઠ વર્ષમાં ૫૭૨૩ કરોડ રૂપિયાનો ભાવફેર ચૂકવાઈ ગયો છે.
- પશુના ગોબરમાંથી પણ હવે આવકની થઈ શરૂઆત.
- ગોબરમાંથી CNG પ્લાન્ટની સંકલ્પના સાર્થક થઈ.
- ખેડૂતોએ શ્વેતક્રાંતિની જેમ સ્વીટક્રાંતિમાં કામ કરી ચાલુ વર્ષ માં કર્યું ૩૫૪ ટન મધનું ઉત્પાદન.
- પ્રતિદિન ૩૪ કરોડ રૂપિયા સીધા ખેડૂતોના એકાઉન્ટમાં જમા કરાવતી બનાસ ડેરી.
- બનાસ ડેરીના પશુપાલકોએ દેશની પ્રથમ મેડિકલ કોલેજનું નિર્માણ થર્યું.
- પશુપાલકોનાં બાળકોને એમ.બી.બી.એસ.ના અભ્યાસમાં ૫૦ ટકા ફી માફી
- દેશનાં અન્ય રાજ્યમાં બનાસ ડેરી દ્વારા ડેરી ઉદ્યોગ માટે નવા પ્લાન્ટ્સની શરૂઆત.
- પાંચ લાખથી વધુ પશુપાલક મહિલા પરિવાર આત્મનિર્ભર બન્યા.
- ગુજરાત સહિત આઠ રાજ્યમાં બનાસ ડેરીનું કાર્યક્ષેત્ર.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના મતવિસ્તાર વારાણસીમાં પણ નવેમ્બર-૨૦૨૩ સુધીમાં બનાસ ડેરીનો પ્લાન્ટ કાર્યરત થશે.

# ચેરમેન શ્રી શંકરભાઈએ દૂરનાં રાજ્યમાં ઝડપી દૂધ પહોંચાડવા કર્યો ટ્રક ઓન ટ્રેન સુવિધાનો પ્રારંભ




એશિયાની સૌથી મોટી બનાસ ડેરી દૂધ ઉત્પાદન વ્યવસાયને વિકસાવવા માટે અનેક સાહસો કરી રહી છે ત્યારે તાજેતરમાં ચેરમેન શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરી દ્વારા દૂરનાં રાજ્યમાં ઝડપી દૂધ પહોંચાડવા ટ્રક ઓન ટ્રેન સુવિધાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ચેરમેન શંકરભાઈ ચૌધરીએ ગઈ કાલે પાલનપુરના કરજોડાથી ન્યૂ રેવાડી સુધી દૂધ ભરેલાં ૨૫ ટેન્કર એટલે કે ૭.૫૦ લાખ લિટર દૂધનાં ટેન્કર ભરેલી ટ્રેનને લીલી ઝંડી આપી હતી. ઉલ્લેખનીય છે કે બનાસ ડેરી દ્વારા છેલ્લાં કેટલાંય વર્ષોથી બનાસ ડેરીનો વ્યાપ વધારવા અને સહકારની ભાવનાને સમગ્ર રાષ્ટ્રમાં ફેલાવવાના હેતુ સાથે ટેન્કર દ્વારા દૂધ પહોંચાડવામાં આવતું હતું, પરંતુ એમાં ઈંધણનો ખર્ચ વધુ થતો હતો. આ ખર્ચના પૈસાને બચાવવા અને એનો ફાયદો પશુપાલકોને આપવાના ઉમદા અભિગમ સાથે બનાસ ડેરીએ ટ્રક ઓન ટ્રેનની સુવિધા શરૂ કરી છે.

ચેરમેન શંકરભાઈ ચૌધરીએ ટ્રક ઓન ટ્રેન સુવિધાનો પ્રારંભ કરતા સમયે નિવેદન આપતાં જણાવ્યું હતું કે આ સુવિધાના કારણે પર્યાવરણમાં ઈંધણના કારણે ફેલાતું પ્રદૂષણ અટકશે, વાહન પાછળ થતો ઈંધણ ખર્ચ બચશે તેમજ સમયસર દૂધ દૂરનાં રાજ્યમાં પહોંચાડી શકાશે. બનાસ ડેરી અને રેલવે વિભાગ દ્વારા ટ્રક ઓન ટ્રેન સુવિધાનું આયોજન કરવામાં આવ્યું છે. ટ્રેન દ્વારા ૨૫ ટેન્કર ન્યૂ રેવાડી સુધી ૩૦ કલાકની જગ્યાએ ૧૨-૧૩ કલાકમાં પહોંચશે, જે પછી ટેન્કરચાલકો આ દૂધ ભરેલાં ટેન્કરને રોડ માર્ગે ન્યૂ રેવાડીથી ફરીદાબાદ પહોંચાડશે.

અત્યારે ટેન્કરોને ન્યૂ રેવાડી સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરાઈ છે, પરંતુ આગામી દિવસોમાં આ ટ્રેન દ્વારા ટેન્કર છેક ફરીદાબાદ તેમજ અન્ય રાજ્યમાં પહોંચશે તેવી પણ વ્યવસ્થાનું આયોજન બનાસ ડેરી દ્વારા કરવામાં આવશે. બનાસ ડેરીના આ નવતર આયોજનના કારણે ખર્ચ ઓછો થશે અને જિલ્લાના પશુપાલકોને ફાયદો થશે.





## ‘બનાસ ઓન રાઈટ ટ્રેક’ શબ્દોને સાર્થક કરતી તસવીર





# બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈએ કર્યો પશુપાલક હિતલક્ષી નિર્ણય, દૂધના ભાવમાં કરાયો વધારો



- દૂધના પ્રતિકિલો ફેટના ખરીદભાવમાં રૂ.૧૦નો કર્યો વધારો
- દૂધ ઉત્પાદકો આર્થિક વિકાસ હાંસલ કરી શકે તે માટે કરાયો દૂધના ભાવમાં વધારો

બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ પશુપાલકોના હિતને ધ્યાનમાં રાખીને દૂધના ખરીદભાવમાં પ્રતિકિલો ફેટે રૂપિયા ૧૦નો વધારો કરવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે, જેનો લાભ બનાસકાંઠા જિલ્લાના લાખો પશુપાલકોને ૧૦ જૂનથી મળતો થશે. બનાસ ડેરીએ પોતાના પશુપાલકોને દૂધના પ્રતિકિલો ફેટ ખરીદભાવમાં વધારો કરીને એક મોટી ભેટ આપી છે.

બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં પશુપાલકોને આર્થિક રીતે સધ્ધર બનાવવા સમયે સમયે દૂધના ભાવમાં વધારો તેમજ પશુપાલકોના હિતમાં નિર્ણયો કરવામાં આવે છે, જેના કારણે બનાસકાંઠામાં પશુપાલનનું પ્રમાણ વધ્યું છે.

દૂધ ઉત્પાદકો દૂધના વ્યવસાય થકી આર્થિક વિકાસ હાંસલ કરી શકે તે હેતુથી ૧૦ જૂનની સવારથી દૂધ મંડળીઓ તથા પશુપાલકોને ચૂકવાતા દૂધના ભાવમાં પ્રતિકિલો ફેટે રૂ.૧૦નો વધારો કરવામાં આવ્યો છે. આ સિવાય કાંકરેજ ગાયના દૂધમાં પ્રતિલિટરે રૂ.૨નો વધારો કરીને પશુપાલન વ્યવસાયમાં કાંકરેજ ગાયના સંવર્ધનને પ્રોત્સાહન પૂરું પાડ્યું છે. બનાસ ડેરી દ્વારા કાંકરેજ ગાયના સંવર્ધન માટે અનેક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

પહેલાં દૂધના પ્રતિકિલો ફેટ પર રૂ.૭૯૫ ચૂકવવામાં આવતા હતા, પરંતુ હવે રૂ.૧૦નો વધારો થતાં પશુપાલકોને રૂ.૮૦૫ ચૂકવવામાં આવશે. જ્યારથી શંકરભાઈ ચૌધરીએ બનાસ ડેરીનું નેતૃત્વ સંભાળ્યું છે ત્યારથી બનાસકાંઠા જિલ્લાના પશુપાલકોના હિતમાં કલ્યાણકારી નિર્ણયો કરવામાં આવી રહ્યા છે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી દૂધના ખરીદ ભાવમાં વધારો, ભાવફેર અને સતત દૂધના ભાવમાં વધારો કરીને પશુપાલકોને એમની મહેનતનાં મીઠાં ફળ આપી રહ્યા છે.



# ઘાસચારાની તંગીને પહોંચી વળવા નવીન જાતના ઘાસચારાનાં બિયારણોનું વિતરણ




બનાસ ડેરી દ્વારા દૂધ ઉત્પાદકોના ઉત્કર્ષ અંગેની અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. બનાસ ડેરીના માન. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી અને નિયામક મંડળના સભ્યોશ્રીઓએ અગમચેતીનાં પગલાંરૂપે આવનારા સમયમાં ઊભી થનાર ઘાસચારાની તંગીને પહોંચી વળવા તથા બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોને દૂધ ઉત્પાદનમાં વધુ ફાયદો થાય તે માટે તથા પશુપાલકો આર્થિક રીતે સક્ષમ બને તેવા શુભ આશયથી નવીન જાતનાં ઘાસચારા બિયારણોનું વાવેતર કરવાથી બારેમાસ લીલો ઘાસચારો પશુઓને મળી રહે તે હેતુથી નીચે મુજબની ઘાસચારાની જાતોનું વિતરણ ખેડૂતોને વાજબીદરે પૂરું પાડવાનું આયોજન કરેલ છે તેની સર્વ ખેડૂતોને નોંધ લેવી.

| અ.નં. | ઘાસચારાનાં બિયારણનું નામ | બીજદર (ગ્રામ/૧૦૦ ચોરસ મીટર) | ભાવ રૂ/. પ્રતિ ૧૦૦ ગ્રામ |
|---|---|---|---|
| ૧. | રોડ્સ ઘાસ | ૩૦ | ૭૫.૦૦ |
| ૨. | ગિની ઘાસ | ૪૦ | ૭૦.૦૦ |
| ૩. | ધામણ ઘાસ | ૩૦ | ૫૦.૦૦ |
| ૪. | હેજ લ્યુસન | ૧૪૦ | ૬૦.૦૦ |
| ૫. | સ્ટાઈલો ઘાસ | ૬૦ | ૫૦.૦૦ |



**ઘાસચારા પાકની વિશેષતાઓ:**

**(૧) રોડ્સ ઘાસ (૨) ગિની ઘાસ (૩) ધામણ ઘાસઃ** તેમાં પ્રોટીનનો સ્રોત વધુ હોવાથી પૂરક આહાર તરીકે પશુઓની કાર્યક્ષમતામાં વધારો કરે છે. દુષ્કાળ પ્રતિરોધક છે, જમીનનું ધોવાણ થતું અટકાવે છે, જમીનની ફળદ્રુપતા અને જમીનની રચનામાં સુધારો કરે છે તેમજ નેમેટોડની સંખ્યા ઘટાડવામાં મદદ કરે છે. બનાસકાંઠાની જમીનને અનુકૂળ હોવાથી ખેતર તેમજ પડતર જમીન કે ગૌચરની જમીનમાં બીજ કે તેની ગાંઠોનું વાવેતર કરી શકાય છે. આલ્કલાઈન જમીન (ખારી જમીન)માં સારો વિકાસ થતો હોવાથી ખારાશ સામે ટકી રહે છે.



**(૪) હેજ લ્યુસન (૫) સ્ટાઈલો ઘાસઃ** બારમાસી કઠોળ વર્ગના ઘાસચારા પાક હોવાથી તેમાં પ્રોટીનનું તત્ત્વ પુષ્કળ પ્રમાણમાં હોય છે. તે જમીનનું ધોવાણ થતું અટકાવે છે. તેનો લીલો પડવાશ જમીનમાં દાટવાથી નાઈટ્રોજન જમીનમાં ઉમેરાય છે, જેથી જમીનની ફળદ્રુપતા વધે છે. દુષ્કાળગ્રસ્ત વિસ્તાર માટે ખૂબ જ ઉપયોગી કઠોળ વર્ગનો ઘાસચારો પાકે છે તો મંડળીના દૂધ ઉત્પાદકો/ખેડૂતોની માગણી મુજબ સદર ઘાસનું બિયારણ લેવા માટે જરૂરિયાત પ્રમાણે જથ્થો મંડળીના ઓર્ડરમાં સંપૂર્ણ વિગત સાથે ભરી બનાસ ડેરીના બાદરપુરા ઓઈલ સંકુલ ખાતેના ફોડર વિભાગમાં રૂબરૂ આવી 'વહેલા તે પહેલા'ના બિયારણ મેળવી લેવાનું રાખશો.



# પશુધનને રક્ષણ પૂરું પાડવા ગામેગામ બનાસ ડેરીએ શરૂ કર્યું ઇતરડી નાબૂદી અભિયાન





પશુઓમાં સામાન્ય રીતે અનેકાનેક પ્રકારની ઇતરડીઓ જોવા મળે છે, જેમાં સામાન્યતઃ જોવા મળતી ઈતરડીઓમાં મુખ્યત્વે કઠણ કવચવાળી ઇક્ઝોડ્સ, બુફીલસ, રીપીસીફેલસ, હિમોફાઈસેલીસ, ડરમા સેન્ટર, એમ્બ્લીઓમા, હાયલોમા અને નરમ કવચવાળી ઓટોબીઅસ તથા ઓરનીથોડોરસ છે. તદુપરાંત પક્ષીઓની અરગસ પ્રજાતિની નરમ કવચવાળી ઇતરડીઓ પણ ઘણી વાર ખોરાકની શોધમાં પશુઓ પર હુમલો કરે છે.

**ઈતરડી કરડવાથી પશુધનને થતું નુકસાનઃ**



ઈતરડી કરડવાથી પશુના શરીર પર નાના નાના જખમો થાય છે, જે ખૂબ જ વેદના ઉત્પન્ન કરે છે અને તેમાં બ્લો ફલાઈઝ, સ્ક્રૂ-વોર્મ ફલાઈઝ (સર્પિલ કૃમિ માખો) અને અન્ય કરડતી માખીઓ ઈંડાં મૂકવા માટે આકર્ષાય છે. પશુના શરીરમાંથી લોહી ચૂસે છે. વિષાણુ (વાઈરસ), રીક્કેટસિયા, જીવાણુ અને પ્રોટોઝુઆનું પ્રસારણ કરે છે. ઈતરડી કરડવાથી થતાં જખમથી અને લોહી ચૂસવાના કારણે પશુને ઘણું નુકસાન થાય છે અને જ્યારે પશુના શરીર પર મોટી સંખ્યામાં હોય છે ત્યારે લોહી ચૂસવાના કારણે પશુને રક્તક્ષીણતા થાય છે. ઈતરડીના હૂમલાના કારણે નાના નાના જખમ થવા, વેદના થવી, સોજો આવવો વગેરેથી પશુઓ પરેશાન થઈ જાય છે, પૂરતો ખોરાક લઈ શકતાં નથી, શરીર ક્ષીણ થતું (સુકાતું) જાય છે, જેને લઈ ઉત્પાદનશક્તિ (દૂધ, શરીર) ઘટે છે અને જો ઈતરડી નિયંત્રણનાં યોગ્ય પગલાં ભરવામાં ન આવે તો પશુઓનાં મૃત્યુ પણ થાય છે. ઈતરડી કરડવાથી ઉત્પન્ન થતા જખમમાં જીવાણુઓ દાખલ થઈને ક્રિયાશીલ બનવાથી પરું ઉત્પન્ન થાય છે, સાથોસાથ પશુઓની ચામડી પણ ખરાબ થઈ જાય છે.



પશુના શરીરમાં ઇતરડી ચોંટી જાય છે, જે પશુના શરીરમાંથી લોહી સતત ચૂસતી રહે છે, જેનાથી પશુ બેચેન રહે છે અને તેની અસર પશુના દૂધ ઉત્પાદન પર પણ પડે છે. અમુક દૂધ ઉત્પાદકોનાં પશુઓનાં રહેઠાણમાં તેમજ પશુઓના શરીર ઉપર ઇતરડી જોવા મળે છે, જેના લીધે એચ.એફ. (શંકર) ગાયોને ગાંઠિયો તાવ (થાઈલેરિયા), લોહી પાતળું થવું, પેશાબ લાલ થવો (બબેસિયા), શરીર પીળાશ પડવું (એનાપ્લાઝમા) જેવા અનેક રોગો થાય છે, જેના કારણે પશુઓનું દૂધ ઉત્પાદન ઘટી જાય છે, વારંવાર ઊથલા મારે છે તેમજ અમુક પશુઓ મૃત્યુ પણ પામે છે, જેથી પશુપાલકોને ઘણું જ આર્થિક નુકસાન ભોગવવું પડે છે.

### ઇતરડી નાબૂદી અભિયાન

સદર નુકસાનથી દૂધ ઉત્પાદકોને બચાવવા માટે બનાસ ડેરી દ્વારા તા. ૦૧-૦૬-૨૦૨૩થી તા. ૧૫-૦૬-૨૦૨૩ સુધી ઇતરડી નાબૂદી અભિયાન હાથ ધરવામાં આવેલ છે. જે પશુપાલકોના ફાર્મ પર ઇતરડીનો ઉપદ્રવ હોય તે પશુપાલકો માટે વેટનરી સેન્ટરના ડોક્ટરશ્રીના મોબાઈલ નંબર ઉપર સંપર્ક કરીને પોતાનું નામ, ગામ અને મોબાઈલ નંબર નોંધાવવાની વ્યવસ્થા કરવામાં આવી હતી, જેના કારણે ડોક્ટરશ્રીએ પશુપાલકના ફાર્મમાં આપેલા સમયગાળા દરમિયાન જઈ ઇતરડી નાબૂદી માટે કાર્યવાહી હાથ ધરી હતી.

બનાસ ડેરીના વેટનરી વિભાગના ડોક્ટરશ્રીઓએ બનાસકાંઠા જિલ્લાના દરેક પશુપાલકનાં ઘરે ઘરે જઈ પશુઓની ચકાસણી કરી હતી અને ઇતરડીની દવાનો છંટકાવ કર્યો હતો. પશુને રાખવા માટેની જગ્યાએ પણ દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો, કારણ કે અમુક સજોગોમાં ઇતરડી જમીન કે તિરાડોમાં ચોંટી ગઈ હોય છે, જે ફરી પશુને કરડી શકે છે. એટલા માટે સંપૂર્ણ રીતે ઇતરડી નાબૂદીના અભિગમ સાથે પશુ તેમજ પશુને રહેવાની જગ્યા પર દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો.

### ઇતરડી નાબૂદી અભિયાનથી થતા ફાયદા

- ઇતરડીની દવાના છંટકાવથી પશુઓમાં થતા જીવલેણ રોગો જેવા કે થાઈલેરીઓસીસ, બબેસીઓસીસ, એનાપ્લાસ્મોસીસ નામનો રોગ થતો નથી.
- પશુઓમાં થતા આ રોગના કારણે મૃત્યુના પ્રમાણમાં ઘટાડો થાય છે.
- આ રોગ ન થવાથી પશુની મોંઘી સારવાર કરવી પડતી નથી, જેથી પશુ માલિકને થતું આર્થિક નુકસાન અટકાવી શકાય છે.
- પશુની રોગ પ્રતિકારકશક્તિ જળવાઈ રહે છે.
- પશુ તંદુરસ્ત રહેવાના કારણે દૂધ ઉત્પાદનમાં વધારો થાય છે.





# ઉત્તરપ્રદેશના નાયબ મુખ્યમંત્રી બન્યા બનાસ ડેરીના મહેમાન

## UPના નાયબ મુખ્યમંત્રી શ્રી બ્રજેશ પાઠકજીએ બનાસ ડેરીના ચીઝ પ્લાન્ટની મુલાકાત લઈ માહિતી મેળવી ઉત્તરપ્રદેશમાં પણ બનાસ ડેરી ઉત્તમ કાર્ય કરી રહી છે તે બદલ બનાસકાંઠા અને બનાસ ડેરીના નેતૃત્વને શુભકામનાઓ પાઠવી






બનાસ ડેરીએ ઉત્તરપ્રદેશમાં પોતાના પ્લાન્ટ્સ કાર્યરત કરીને સહકારી ભાવના સાથે ત્યાંના ખેડૂતો અને પશુપાલકોને જોડ્યા છે ત્યારે બુધવારના રોજ ઉત્તરપ્રદેશના નાયબ મુખ્યમંત્રી શ્રી બ્રજેશ પાઠકજીએ બનાસ ડેરી, પાલનપુર શાખાની મુલાકાત લીધી હતી. ઇન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટરશ્રી સંગ્રામભાઈ ચૌધરીએ તેમનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું તેમજ બનાસ ડેરી સંકુલ સંદર્ભે સવિસ્તાર માહિતી આપીને બનાસકાંઠામાં બનાસ ડેરીએ વિકસાવેલ પશુપાલન વ્યવસાય અને શ્વેતક્રાંતિ અંગેની માહિતી તેમને અવગત કર્યા હતા.

છેલ્લાં સાત-આઠ વર્ષમાં બનાસ ડેરીએ માત્ર ગુજરાતમાં જ નહીં, પરંતુ દેશનાં અલગ અલગ રાજ્ય જેવાં કે આંધ્રપ્રદેશ, રાજસ્થાન, ઝારખંડ, ઉત્તરપ્રદેશમાં પોતાના પ્લાન્ટ્સ સ્થાપિત કરીને બનાસ ડેરીની શાખાઓ વિકસાવી છે. ઉત્તરપ્રદેશના કાનપુર, ફરીદાબાદ અને લખનૌ ખાતે બનાસ ડેરીના પ્લાન્ટ્સ સક્રિય છે. બનાસ ડેરી ત્યાંના ગ્રામ્ય વિસ્તારમાં રહેતા લોકોને પશુપાલન વ્યવસાયથી જોડીને 'સહકારથી સમૃદ્ધિ'ની ભાવનાને મજબૂત કરવાનું કામ કરી રહી છે.

UP ના નાયબ મુખ્યમંત્રી શ્રી બ્રજેશ પાઠકજીએ પાલનપુર સ્થિત મુખ્ય શાખા બનાસ ડેરીમાં પધારીને ચીઝ પ્લાન્ટની મુલાકાત કરી હતી. તેમણે ચીઝ પ્લાન્ટ કઈ રીતે કાર્ય કરે છે, કઈ ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને પશુપાલકોને કઈ રીતે ફાયદો થાય છે તે અંગેની જાણકારી પ્રાપ્ત કરી હતી. તેમણે પ્લાન્ટ્સમાં તૈયાર થતી અલગ અલગ પ્રકારની ચીઝ અંગે જાણ્યું હતું. ઉત્તરપ્રદેશમાં પણ બનાસ ડેરી ઉત્તમ કાર્ય કરી રહી છે, તે બદલ બનાસકાંઠા અને બનાસ ડેરીના નેતૃત્વને તેમણે શુભકામનાઓ પાઠવવા સાથે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરી ઉત્તરોત્તર પ્રગતિ કરી રહી છે અને માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના વિઝન અને સ્વપ્નને સાકાર કરી રહી છે એ પ્રત્યે આનંદ વ્યક્ત કર્યો હતો.





# બિપરજોય વાવાઝોડા સામે બનાસવાસીઓને રક્ષણ પૂરું પાડવા બનાસ ડેરીએ કાર્યરત કર્યો ૨૪ કલાક કંટ્રોલરૂમ



બિપરજોય આપત્તિના વ્યવસ્થાપનના ભાગરૂપે પોતાની તમામ દૂધ મંડળીઓ/મિલ્ક કલેક્શન સેન્ટરોનાં દૂધ ઉત્પાદક ભાઈ-બહેનો તથા ખેડૂતમિત્રોના હિતમાં પશુધન તેમજ ડેરી બાબતે કોઇ પણ આકસ્મિક મદદની જરૂરિયાત ઊભી થાય તો માનનીય ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ બનાસ ડેરીની અંદર જ ૨૪ કલાક કાર્યરત રહેતો એક કંટ્રોલરૂમ તૈયાર કરવામાં આવ્યો હતો, જેના ફોન/મોબાઈલ નંબર બનાસકાંઠાના દરેક ગામમાં પરિપત્ર અને મેસેજ દ્વારા ફેલાવવામાં આવ્યા હતા. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી દ્વારા વાવાઝોડામાં સર્જાતી આકસ્મિક ઘટનાઓને પહોંચી વળવા માટે બનાસ ડેરીની મદદથી જરૂરી વ્યવસ્થા ઊભી કરાઈ હતી. તેમણે અલગ અલગ ગામડાંઓની મુલાકાત કરીને સ્થિતિની વિગતો પ્રાપ્ત કરી હતી, સાથે કોઈ અણબનાવ બન્યો નથી તેની પણ જાણકારી પ્રાપ્ત કરી હતી. કેટલાંક યુવાઓ સાથે સીધો સંપર્ક કરીને વાવાઝોડામાં સાવચેતી રાખવા અને સ્થિતિનો સામનો કરવા ખડેપગે રહેવા જણાવ્યું હતું.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ બનાસકાંઠા જિલ્લાનાં અલગ અલગ ગામોની રૂબરૂ મુલાકાત કરીને વાવાઝોડાના કારણે ઊભી થયેલી અગવડતા, ધરાશાયી થયેલાં વૃક્ષો, ભરાયેલાં પાણી, બંધ થયેલ વીજપુરવઠો તેમજ ખેતરોમાં ભરાયેલાં પાણીનો તાત્કાલિક નિકાલ કરવા માટે સ્થાનિક તંત્રને જરૂરી સૂચનો આપ્યાં હતાં તેમજ નાગરિકોને જરૂરી મદદ કરવા માટે જણાવ્યું હતું. ચેરમેનશ્રીએ ચાલુ વરસાદે નાગરિકો માટે ભોજનની વ્યવસ્થા કરવામાં મદદ કરી હતી. તે ઉપરાંત તેઓએ સરકારશ્રી દ્વારા શરૂ કરાયેલા આશ્રયગૃહની મદદ કરીને તમામ સુખ-સુવિધાનું નિરીક્ષણ કર્યું હતું. વાવાઝોડાની સમગ્ર પરિસ્થિતિ દરમિયાન ચેરમેનશ્રીએ પ્રજાની પડખે ઊભા રહીને સતત ચિંતા કરી હતી.

બિપરજોય વાવાઝોડા સંદર્ભે માનનીય ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ સાવચેતીના ભાગરૂપે બનાસવાસીઓને સંદેશો આપતાં જણાવ્યું હતું કે સમાચારોમાં વાવાઝોડાના સમાચાર સાંભળીને કોઈએ ડરવાની કે ચિંતા કરવાની જરૂર નથી, પરંતુ સૌએ સાવધાન રહેવાની જરૂર છે. વાવાઝોડા દરમિયાન ઘરની અંદર રહેવું તેમજ જો કોઈને મદદની જરૂર પડે તો સત્વરે મદદ કરવી. કોઈ કાચા મકાનમાં રહેતું હોય એણે સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલા આશ્રયગૃહમાં રહેવા જવું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે વાવાઝોડા પહેલાં ઘરમાં જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ રાખવી. પૂરતો ખોરાક રાખવા સાથે ઈમર્જન્સીમાં જરૂર પડતી વસ્તુઓ જેવી કે ટોર્ચ, મીણબત્તી રાખવી. જરૂર મુજબ મોબાઈલનો ઉપયોગ કરી બેટરી બચાવવી. આજબાજુ ફેલાતી અફવાઓ માનવી નહિ.



# વાવાઝોડાના મુશ્કેલ સમયમાં પશુપાલકો વચ્ચે ચેરમેન શ્રી શંકરભાઈ





# સંવેદનશીલતા, માનવતા અને માનવ સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતી તસવીરોની એક ઝલક









બિપરજોય વાવાઝોડાના કારણે સમગ્ર બનાસકાંઠામાં તેજ પવન સાથે ભારે વરસાદ થયો હતો, જેના કારણે ગ્રામ્ય વિસ્તારના જનજીવનને ખૂબ જ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી રાત-દિવસ સામાન્ય લોકોની પડખે ઊભા રહીને સેવામાં હાજર રહ્યા હતા.

# બનાસ ડેરીએ કરી 'વિશ્વ દૂધ દિવસ'ની ઉજવણી

## ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ 'વિશ્વ દૂધ દિવસ' નિમિત્તે પશુપાલકોને પાઠવી હાર્દિક શુભેચ્છાઓ



૧ જૂન, ૨૦૨૩ના રોજ બનાસ ડેરી દ્વારા 'વિશ્વ દૂધ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ બનાસ ડેરી સાથે જોડાયેલા સમગ્ર પશુપાલક પરિવારને 'વિશ્વ દૂધ દિવસ'ની શુભેચ્છાઓ પાઠવી હતી. 'વિશ્વ દૂધ દિવસ'ની સ્થાપના સંયુક્ત રાષ્ટ્રના ફૂડ એન્ડ એગ્રિકલ્ચર ઓર્ગેનાઈઝેશન દ્વારા ૨૦૦૧માં કરવામાં આવી હતી, જેથી દૂધના મહત્ત્વને વૈશ્વિક ખોરાક તરીકે ઓળખવામાં આવે અને ડેરી ક્ષેત્રની ઉજવણી કરવામાં આવે. દૂધ એ પ્રાકૃતિક પોષક તત્ત્વોનો ઉત્તમ સ્રોત છે, જેણે ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવવામાં અને લોકોનું જીવનધોરણ સુધારવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરીનું દૂધ સંપાદન તો વધ્યું જ, સાથે પશુપાલકોની આવક-સુખસુવિધામાં પણ અદ્‌ભૂત પરિવર્તન આવ્યું છે. બનાસકાંઠા જિલ્લાના લોકો દૂધના વ્યવસાય સાથે જોડાયેલા છે, અને તેઓ દૂધના મૂલ્યને સમજે છે. દૂધના લીધે ગ્રામ્ય વિસ્તારમાં રહેતા લોકોના જીવનધોરણમાં સકારાત્મક બદલાવ આવ્યો છે.

**દૂધ એ મહત્ત્વનાં પ્રાકૃતિક પોષક તત્ત્વોનો એક મહાન સ્રોત છે અને ભારતના ગ્રામીણ અર્થતંત્રને મજબૂત તેમજ લોકોનાં જીવન સમૃદ્ધ બનાવવામાં મહત્ત્વની ભૂમિકા નિભાવી રહ્યું છેઃ ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી**

બનાસ ડેરી દ્વારા દૂધના મહત્ત્વને ઓળખવા અને તેના થકી માનવીના જીવનમાં આવેલ સકારાત્મક બદલાવને સમજવા માટે 'વિશ્વ દૂધ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. ભારત વિશ્વનો સૌથી મોટો દૂધ ઉત્પાદક દેશ છે. તાજેતરમાં ઓસ્ટ્રેલિયાની મુલાકાત દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ સિડનીમાં કુડોસ બેંક એરેનામાં આયોજિત એક કાર્યક્રમમાં જણાવ્યું હતું કે ભારત વિશ્વમાં દૂધ ઉત્પાદનમાં નંબર વન દેશ છે. ફૂડ એન્ડ એગ્રિકલ્ચર ઓર્ગેનાઈઝેશન કોર્પોરેટર સ્ટેટિસ્ટિકલ ડેટાબેઝના ઉત્પાદન ડેટા અનુસાર ભારત વિશ્વમાં દૂધનું સૌથી મોટું ઉત્પાદક છે. ભારતે વર્ષ ૨૦૨૧-૨૨માં વૈશ્વિક ૨૪ ટકા યોગદાન આપ્યું છે. બનાસકાંઠાના લોકો પશુપાલન વ્યવસાય સાથે જોડાયેલા છે. છેલ્લાં સાત-આઠ વર્ષમાં પશુપાલનના વ્યવસાયનું પ્રમાણ વધ્યું છે અને દૂધ ઉત્પાદન પણ વધ્યું છે. બનાસ ડેરીએ દૂધ સંપાદનમાં અનેક વિક્રમ સર્જીને પોતાના જ વિક્રમ તોડ્યા છે. એક પણ દિવસનો મિલ્ક હોલિડે રાખ્યા વગર દૂધનું સંપાદન કરીને પશુપાલકોની મહેનતને બિરદાવી છે.





# યોગમય બનાસ

## બનાસ ડેરીના કર્મચારીઓએ કરી 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ઉજવણી

### બનાસ ડેરીના કર્મચારીઓએ યોગવિદ્યા વડે માનવજીવનની સાર્થકતા હાંસલ કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો


'યોગ' એટલે ભારતે વિશ્વને આપેલી સર્વોત્તમ ભેટ. 'યોગ' એટલે શરીર અને મનના સંપૂર્ણ સ્વાસ્થ્યનું વિજ્ઞાન. ૨૧ જૂનના રોજ વિશ્વભરમાં 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. બનાસ ડેરીના કર્મચારીઓ યોગમય જીવનની સફરમાં જોડાયા હતા.

૨૧ જૂનના રોજ દુનિયાભરના લોકોએ યોગ કરીને 'વિશ્વ યોગ દિવસ'ની ભવ્ય ઉજવણી કરી હતી ત્યારે આ પર્વની ઉજવણીમાં બનાસ ડેરી પણ કઈ રીતે પાછળ રહી શકે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ બનાસ ડેરીએ પોતાના કેમ્પસમાં 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ઉજવણી કરી હતી, જેમાં બનાસ ડેરીના કર્મચારીઓ-યોગપ્રેમીઓએ યોગ કરીને યોગ દિવસની ઉજવણીમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે કર્મચારીઓએ યોગ કરી ફિટ તેમજ તંદુરસ્ત રહેવા અને આરોગ્ય સાચવવા માટે નિયમિત યોગ કરવાની ટેવ પાડવાનો સંકલ્પ કર્યો હતો. જો દરેક વ્યક્તિ સ્વસ્થ બને તો સમાજ અને દેશ આપોઆપ સ્વસ્થ બનશે.





## ગાંધીનગર વિધાનસભા ખાતે ચેરમેન શ્રી શંકરભાઈ બન્યા યોગમય



ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી સ્વાસ્થ્યને સંભાળવામાં અને ફિટનેસ જાળવી રાખવા તરફ ખૂબ જ ધ્યાન આપે છે. તેઓશ્રીના જીવનમાં યોગ મહત્ત્વપૂર્ણ ભાગ ભજવે છે. રોજિંદા જીવનમાં યોગ એમની સાથે સંકળાયેલ છે. 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ઉજવણીના ભાગરૂપે ગુજરાત વિધાનસભા, ગાંધીનગર ખાતે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં યોગ દિવસની ઉજવણીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં યુવાઓ, બાળકો અને યોગપ્રેમીઓએ યોગાસન કરીને ભવ્ય ઉજવણી કરી શરીરને ફિટ રાખવાનો સંકલ્પ કર્યો હતો.

ચેરમેનશ્રીએ 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' અંગે સોશિયલ મીડિયાના માધ્યમથી પોસ્ટ કરીને જણાવ્યું હતું કે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે યોગને વૈશ્વિક સ્તરે સ્વીકૃતિ અપાવી છે. યોગ શાશ્વત શાંતિની અનુભૂતિ કરાવે છે.

'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'નું મહત્ત્વ સમજાવતાં વધુમાં તેમણે કહ્યું હતું કે યોગ એ માત્ર હિન્દુસ્તાનનો નહિ પણ આખા વિશ્વનો વારસો છે, જે સાધકને આંતરિક શાંતિનો અનુભવ કરાવતાં યોગાસન ખરેખર તો વિશ્વમાં શાંતિનું સામર્થ્ય ધરાવે છે. બનાસકાંઠાની એક-એક વ્યક્તિએ યોગાસનની આદતને રોજિંદા જીવનશૈલીમાં વણી લેવાની હિમાયત કરવી જોઈએ. અધ્યાત્મની અનંત સંભાવનાને પામવા માટે ધ્યાન અને યોગ એકમાત્ર ઉપાય હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. આઝાદીના અમૃત મહોત્સવનો સમયગાળો સૌ માટે સ્વાસ્થ્યનો અમૃતકાળ બને તેવી આશા રાખીએ. વિશ્વના લોકોને એકબીજા સાથે જોડાવાનું કામ યોગ વડે થઈ રહ્યું છે એટલે જ માનવતા માટે યોગ એક અમૂલ્ય ભેટ સમાન છે. જે માનવીને તંદુરસ્ત શરીર, લાંબુ આયુષ્ય અને મનને શાંતિ આપે છે. બનાસવાસીઓ ગર્વ અનુભવે છે કે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની અથાગ મહેનતના કારણે દુનિયાના ૧૩૦ દેશમાં યોગાભ્યાસ શરૂ થયો છે, લોકોએ યોગનો સ્વીકાર કર્યો છે. તાજેતરમાં કોરોના જેવી મહામારીમાં ફિટ રહેવા માટે લોકોએ યોગનો સહારો લઈ પોતાની તબિયત અને ઈમ્યુનિટી માટે ધ્યાન રાખ્યું હતું. શાશ્વત સુખ અને શાંતિની અનુભૂતિ યોગ વિના શક્ય નથી એવું તેમણે ઉમેર્યું હતું. તેમણે ભારતીય સંસ્કૃતિની અણમોલ ભેટ સમાન પ્રાચીન યોગવિદ્યાને વિશ્વ ફલક ઉપર લોકપ્રિય બનાવવાનો યશ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને આપ્યો હતો.








# અંબાજી સ્થિત ૫૧ શક્તિપીઠના વિસ્તારને હરિયાળો બનાવવા બનાસ ડેરીએ હાથ ધર્યું સીડ બોલ મહાઅભિયાન

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હંમેશાં પર્યાવરણ સંરક્ષણને પ્રાથમિકતા આપી છે. તેમના અનુસાર પ્રકૃતિ આપણા માટે આરાધ્ય છે. પ્રકૃતિ આપણું આભૂષણ છે. તેમણે ૨૦૧૫માં વૃક્ષારોપણના દિવસે પોતાના નિવાસસ્થાનેથી દેશને કહ્યું હતું કે, "આપણી પૃથ્વી, ભારતમાં જેને 'મા'નો અવતાર માનવામાં આવે છે, એની રક્ષા કરવી, એનું સંરક્ષણ તેમજ સંવર્ધન કરવું એ દરેક પેઢીની જવાબદારી છે. આપણે એવી પૃથ્વી ના છોડીએ, જેનાથી ભાવિ પેઢી શ્વાસ પણ ના લઈ શકે. આપણા પૂર્વજોએ આપણા માટે પ્રકૃતિનું સંરક્ષણ કર્યું. હવે આપણી જવાબદારી છે કે આપણે ભાવિ પેઢી માટે કંઈક કરીએ." તેમની આ વાતને એશિયાની સૌથી મોટી બનાસ ડેરીએ એ જ દિવસથી ગંભીરતાપૂર્વક લઈ રણને અડી આવેલ સૂકા પ્રદેશ બનાસકાંઠાને હરિયાળો બનાવવા અને ભાવિ પેઢીને હરિયાળી સમૃદ્ધિ આપવા લોકોની ભાગીદારી સાથે ૧૦ વર્ષમાં ૧૦ કરોડ વૃક્ષો વાવીને ધરતી માતાના આભૂષણ એટલે કે પ્રકૃતિનું સંરક્ષણ કરવાનો દૃઢ સંકલ્પ કર્યો. જિલ્લાની કુલ વસ્તી કરતાં ૧૦ ગણા વધારે વૃક્ષો એટલે કે ભવિષ્યમાં એક-એક વ્યક્તિને વ્યક્તિગત ૧૦૦ કરતાં પણ વધુ વૃક્ષોનો છાંયો ખાવા મળશે અથવા એમ કહીએ કે થોડા થોડા અંતરમાં જ ૧૦૦ કરતાં વધુ વૃક્ષો જોવા મળે એટલાં વૃક્ષોનું વાવેતર કરવાની શરૂઆત થઈ ગઈ છે. આજે આ અભિયાન જનઆંદોલન બની ગયું છે. ડેરીના સહયોગથી બનાસવાસીઓ પોતે જિલ્લાની સૂકા પ્રદેશ તરીકેની ઓળખને બદલીને હરિયાળા પ્રદેશની ઓળખ આપવા તનતોડ મહેનત કરી રહ્યા છે, જે ખરેખર બિરદાવવાલાયક છે.









**<u>સીડ બોલ મહાઅભિયાન</u> :**

બનાસકાંઠા જિલ્લાને હરિયાળો બનાવવાના પ્રયાસરૂપે બનાસ ડેરીએ વૃક્ષારોપણ મહાઅભિયાન અંતર્ગત સીડ બોલ મહાઅભિયાન પણ શરૂ કર્યું હતું, જે અંતર્ગત બનાસ ડેરીએ ૫ જૂને, વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવાનું નક્કી કર્યું હતું, પરંતુ કોઇ કારણોસર એ દિવસે ઉજવણી થઇ શકી નહિ, માટે ૨૨ જૂનના રોજ બનાસ ડેરીએ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરી હતી. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે પ્રકૃતિ આપણી 'મા' છે. 'મા' આપણું ધ્યાન રાખે છે, આપણને જાળવે છે ત્યારે આપણી પણ નૈતિક ફરજ બને છે કે આપણે પણ તેની કાળજી રાખીએ. પર્યાવરણ પ્રત્યે જાગૃત બની એનું સંવર્ધન કરીએ.

અંબાજીના પહાડો ઉપર વૃક્ષોની સંખ્યા ઘટી રહી છે, જેથી પહાડો ઉપર લીલોતરી ઘટી ગઈ છે, જેને લઈ પહાડો અને જંગલ વિસ્તારોમાં વધુ વૃક્ષોનું વાવેતર થઈ શકે તે માટે બનાસ ડેરી દ્વારા અનેક ગામોના લોકોના સહયોગ દ્વારા ગાય અને ભેંસના છાણ અને કાંપવાળી માટીમાંથી સીડ બોલ બનાવ્યા હતા. આ સિડ બોલમાં અલગ-અલગ પ્રકારનાં વૃક્ષોનાં બીજ મૂકી તેને પેક કરવામાં આવ્યા હતા, જે તમામ સિડ બોલનું પહાડો અને જંગલ વિસ્તારમાં અલગ-અલગ ટુકડીઓ બનાવીને વાવેતર કરવામાં આવ્યું. સીડ બોલ પર આગામી સમયમાં વરસાદ પડતાં જ સિડ બોલની માટી ઢીલી થઈને તેમાં રહેલાં બીજ અંકુરિત થશે અને નવા છોડ સજીવન થશે અને પહાડો હરિયાળા બનશે. પહાડો ઉપર લીલોતરી અને વધુ વૃક્ષો થતાં આ વિસ્તારમાં વધારે વરસાદ પડશે અને પાણીનું સંકટ ઓછું થશે. બનાસ ડેરી થકી અંબાજી યાત્રાધામની આજુબાજુ આવેલ પર્વતો તેમજ ૫૧ શક્તિપીઠને વધુ હરિયાળાં બનાવવા ૨૦ દૂધ મંડળીઓના પશુપાલકો, બનાસ ડેરીના કર્મચારીઓ અને પર્યાવરણપ્રેમીઓની ભાગીદારી સાથે ૧ કરોડ સીડ બોલ મૂકીને ૧.૫ કરોડ કરતાં પણ વધુ વૃક્ષબીજનું વાવેતર કરાયું. આ સીડ બોલ ચોમાસામાં આપોઆપ કુદરતી રીતે અંકુરિત થઈને ઘટાદાર જંગલમાં પરિવર્તિત થઇ જશે. બનાસ ડેરીની આ ઝુંબેશ પર્યાવરણ અને પ્રકૃતિનું રક્ષણ કરશે. અંબાજી યાત્રાધામના પર્વતો પર સીડ બોલના વાવેતરથી મંદિરની આજુબાજુનો વિસ્તાર હરિયાળો અને રમણીય બનશે. યાત્રાધામની સુંદરતામાં વધારો થશે તેમજ શક્તિપીઠની શોભા વધશે, સાથે પરિક્રમા કરતા લોકોને વિરામ કરવા માટે છાંયડો પણ મળી રહેશે.

બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીનું કહેવું છે કે, “એક-એક વૃક્ષ એક-એક ઓક્સિજન પ્લાન્ટ સમાન છે અને ઓક્સિજન પ્લાન્ટ એની પૂરી અવધિમાં જેટલો ઓક્સિજન કાઢી આપે તેના કરતાં વધારે ઓક્સિજન એક ઝાડ આપે છે. માનવ અને પ્રકૃતિ માટે વૃક્ષારોપણ કરવું એ એમના માટે ઓક્સિજન પ્લાન્ટ નાખવા સમાન તો છે પણ એના કરતાં પણ વધુ મહત્ત્વપૂર્ણ છે.”

**<u>સીડ બોલ પાછળનો મુખ્ય હેતુ</u> :**

પહાડો ઉપર મોટા પાયે વૃક્ષારોપણ થાય તે માટે બનાસ ડેરી દ્વારા વર્ષ ૨૦૨૨માં ૨૦ લાખ સિડ બોલ બનાવવામાં આવ્યા હતા, જેનું પહાડો ઉપર વાવેતર કરાયું હતું, જે વરસાદ આવતાં જ અંકુરિત પણ થયા હતા. છેલ્લા કેટલાય સમયથી જંગલ વિસ્તારમાં પણ જંગલી પ્રાણીઓને ખોરાક મળી રહે તે પ્રકારનાં વૃક્ષોની સંખ્યા ઘટી છે, જેને લઈ ખોરાકની શોધમાં જંગલી પ્રાણીઓ માનવ વસાહતમાં આવતાં અનેક લોકો ઉપર જંગલી પ્રાણીઓના હુમલાની પણ ઘટનાઓ બની રહી છે, જેને લઈ આવું ન થાય તેમજ જંગલ અને પહાડો હરિયાળા બને તે માટે બનાસ ડેરી સાથે મળી બનાસકાંઠાનાં અનેક ગામડાંઓના લોકો સીડ બોલ બનાવી વધુમાં વધુ વૃક્ષારોપણ થાય તે માટેના પ્રયત્નો કરી રહ્યા છે. લોકોનું કહેવું છે કે વૃક્ષારોપણથી વરસાદની અનિયમિતતા ઓછી થશે અને જિલ્લો હરિયાળો બનશે. બનાસ ડેરી દ્વારા વૃક્ષારોપણ અભિયાન હાથ ધરાયુ છે, જેને લઈ અમે સિડ બોલ બનાવી રહ્યા છીએ. બનાસકાંઠા જિલ્લામાં સૌથી મોટો પ્રશ્ન વરસાદની અછત અને ઊંડા જતાં ભૂગર્ભ જળ છે. જે વચ્ચે બનાસ ડેરીનું વૃક્ષારોપણ અભિયાન અને જળસંચય અભિયાન આગામી સમયમાં પાણીની તંગી દૂર કરશે તેમજ સૂકા ભઠ્ઠ વિસ્તારને લીલોછમ બનાવશે.

બનાસકાંઠામાં પર્યાવરણ સંરક્ષણ માટે થઇ રહેલ અદ્ભુત કાર્ય દ્વારા પીએમ નરેન્દ્ર મોદીના '૨૬ લાખ હેક્ટર જમીનને ૨૦૩૦ સુધીમાં ફળદ્રુપ અને લીલીછમ કરવા'ના લક્ષ્યને સાકાર કરવામાં મદદ મળશે, ધરતી માતાનું આભૂષણ એટલે કે પ્રકૃતિનું સંરક્ષણ પણ થશે, ભાવિ પેઢીને હરિયાળી સમૃદ્ધિ મળશે અને બનાસકાંઠા પોતાની કુલ વસ્તી કરતાં ૧૦૦ ગણા વધુ વૃક્ષોની સંખ્યા ધરાવતો રાજ્યનો પ્રથમ જિલ્લો બનશે, સાથે સૂકા પ્રદેશ તરીકેની ઓળખને બદલી હરિયાળા પ્રદેશ તરીકેની ઓળખ પ્રાપ્ત કરશે.

બનાસકાંઠા જિલ્લાની અંદર બનાસ ડેરીએ સીડ બોલ મહાઅભિયાન શરૂ કર્યું હતું. લોકોની ભાગીદારીથી એ અભિયાન આજે વિરાટ બની ગયું છે. પ્રકૃતિ પ્રત્યે જાગૃતતા લાવવા જિલ્લાના લોકોને વૃક્ષોનું જતન અને સંવર્ધન કરવાનો સંદેશ આપવામાં આવી રહ્યો છે.







# થરાદ તાલુકાના પશુપાલકોએ કરી કાનપુર સ્થિત બનાસ ડેરીના પ્લાન્ટની મુલાકાત






બનાસ ડેરીએ ગુજરાત રાજ્ય સિવાય ઉત્તરપ્રદેશ, આંધ્રપ્રદેશ, રાજસ્થાન, હરિયાણા, ઉત્તરાખંડ અને દિલ્હીમાં પોતાના પ્લાન્ટ સ્થાપિત કરીને સહકારની ભાવના સાથે પશુપાલકોને જોડવાનો સફળ પ્રયાસ કર્યો છે ત્યારે બનાસ ડેરીની અસલી તાકાત ગણાતા પશુપાલકોએ ઉત્તરપ્રદેશના કાનપુર શહેરમાં કાર્યરત બનાસ ડેરીના પ્લાન્ટની મુલાકાત કરી હતી. આદ્યસ્થાપક સ્વ. ગલબાભાઈ નાનજીભાઈ પટેલજીએ સ્થાપેલી બનાસ ડેરી આજે વટવૃક્ષ બની ગઈ છે, જેનો છાંયડો લાખો પશુપાલકોને મળી રહ્યો છે. આ છાંયડો મળવા પાછળનું કારણ પણ બનાસકાંઠા જિલ્લાના કર્મનિષ્ઠ અને પરિશ્રમી પશુપાલકો છે. એમની અથાગ મહેનત, પરસેવો અને પુણ્યના લીધે સહકારનું એક નાનું બીજ વિશાળ વૃક્ષ બન્યું છે, જેની શાખાઓ દેશના ખૂણે ખૂણે ફેલાઈ છે. ૨૯ મે, ૨૦૨૩ના રોજ થરાદના પશુપાલકોએ કાનપુર પ્લાન્ટની મુલાકાત કરી હતી. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરીએ દેશનાં અલગ અલગ રાજ્યમાં વિકાસની શાખાઓ વિકસાવી છે, તે નિહાળી-જાણીને પશુપાલકોએ આનંદની લાગણી અનુભવી હતી. બનાસ ડેરીની સફળતા અને વિકાસયાત્રામાં પશુપાલકોનો મુખ્ય ફાળો રહ્યો છે.



પશુપાલકોને બનાસ ડેરીની શાખાની મુલાકાત કરાવવા પાછળનો ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીનો મુખ્ય ઉદ્દેશ એ હતો કે પશુપાલકો પોતે જાણે-સમજે અને અનુભવ કરે કે એમની મહેનતના લીધે સ્વ. શ્રી ગલબાકાકાએ રોપેલું બીજ આજે કેટલું વિશાળ બન્યું છે. દેશભરમાં એની શાખાઓ કાર્યરત થઈ છે. હાલમાં બનાસ એ એશિયાની સૌથી મોટી ડેરી છે તો આગામી સમયમાં વિશ્વની સૌથી મોટી ડેરી બનતાં કોઈ નહિ રોકી શકે અને એ બધું શક્ય ત્યારે બનશે માત્ર ને માત્ર પશુપાલકોના લીધે. પશુપાલકોના લીધે બનાસ ડેરી છે અને તેના લીધે જ દેશભરમાં દૂધની પ્રોડક્ટ્સ ઘર ઘર સુધી પહોંચી રહી છે.

બનાસ ડેરી સાથે લગભગ ૫ લાખથી પણ વધુ પશુપાલક પરિવાર જોડાયેલા છે. આ પશુપાલક પરિવાર જ બનાસ ડેરીની અસલી તાકાત છે, એમના લીધે જ શ્વેતક્રાંતિનું સર્જન થયું, સ્વીટક્રાંતિનું સર્જન થયું અને વેસ્ટમાંથી બેસ્ટનું સપનું પણ સાકાર થયું. જ્યારે થરાદના પશુપાલકોએ કાનપુર પ્લાન્ટની મુલાકાત કરી ત્યારે તેમણે અનુભવ્યું કે બનાસકાંઠા ડેરીમાં ભરાવેલ દૂધ થકી પશુપાલકનો, જિલ્લાનો અને બનાસ ડેરીનો કેટલો વિકાસ થયો છે. તેમણે કાનપુર પ્લાન્ટમાં ચાલતી કામગીરી નિહાળી હતી, કઈ રીતે દૂધ ત્યાં પહોંચે છે, ત્યાંના ખેડૂતો કઈ રીતે પશુપાલન વ્યવસાય કરે છે અને પ્લાન્ટમાં શું તૈયાર થાય છે એનાથી અવગત થયા હતા.



# બનાસનાં અમૃત સરોવર છલકાયાં વરસાદી નીરથી

## બનાસ ડેરી દ્વારા ચાલી રહેલ અમૃત સરોવર અને જળસંચય અભિયાન કામગીરીના ઉત્કૃષ્ટ ઉદાહરણ સમાં લક્ષ્મીપુરા અને ગુલાબસાગર સહિત અનેક તળાવ વરસાદી નીરથી છલકાયાં



ધરતીને અમૃતમય બનાવવા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ કરેલા આહ્વાનને સાચા અર્થમાં સાકાર કરવા ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ લોકભાગીદારીથી ગામડે ગામડે તળાવોનું નિર્માણ કરાવ્યું. બનાસ સંકુલ સણાદર (દિયોદર)ના ઉદ્ઘાટન પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ બનાસવાસીઓને નર્મદાનાં પાણીને ઈશ્વરનો પ્રસાદ, પારસ માનીને આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત બનાસકાંઠા જિલ્લાના ગામડે ગામડે તળાવનું નિર્માણ કરવા આહ્વાન કર્યું હતું. એમના આ આહ્વાનને સાર્થક અને સફળ બનાવવા ચેરમેનશ્રીએ તાત્કાલિક ધોરણે બનાસવાસીઓના સાથ-સહકારથી બનાસ જળશક્તિ અભિયાનની કામગીરી ઝડપથી શરૂ કરી દીધી હતી. તેમણે બનાસ જળશક્તિ અભિયાન શરૂ કરી લોકભાગીદારી સાથે 235 તળાવ ઊંડાં કરીને તેમાં ચોમાસાના પાણીનો સંગ્રહ જળથી સમૃદ્ધ બનેલો વારસો ભાવિ પેઢીને આપવાનું એક ભગીરથ કાર્ય કર્યું છે. પાલનપુર તાલુકાના લક્ષ્મીપુરા ગામે અને ડીસા તાલુકાના ઝેરડા ગામનું ગુલાબસાગર વરસાદના પાણીથી છલોછલ ભરાતાં ત્યાંના પશુપાલકો અને ખેડૂતોમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી. વરસાદી પાણીનો સંગ્રહ થતાં આ વિસ્તારમાં પાણી માટે સર્જાતી સમસ્યા ઓછી થશે. નીચે જતાં પાણીનાં તળ ઊંચાં આવશે, ખેડૂતોને સિંચાઈ માટેનું પૂરતું પાણી મળી રહેશે, પશુપાલકોને પશુધન માટે પાણી મળી રહેશે અને પશુ-પક્ષીઓને પણ પીવા માટેનું પાણી મળી રહેશે.

બનાસ જળશક્તિ અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં સમગ્ર જિલ્લામાં થયેલ જળસંચય કામગીરીમાં 1300 કરોડ લિટરથી પણ વધુ પાણીનો જળસંગ્રહ થશે, જેનાથી પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે કૂવા અને બોરમાં ઊંડાં જતાં પાણીનાં તળ ઊંચાં આવશે, જેનો સીધો લાભ પશુપાલન અને ખેતીમાં સિંચાઈ ક્ષેત્રે થશે. વધુમાં સતત ભારે વરસાદ કે અતિવૃષ્ટિ જો હોય તો આવાં તળાવ ચોમાસામાં બે-ત્રણ વખત ભરાતાં હોય છે. આમ, તળાવની જળસંગ્રહ કેપિસિટીમાં વધારો થશે અને આ પાણી ભૂગર્ભમાં ઊંતરતાં તેનો સંચય થશે.



# વરસાદી પાણીથી અમૃતમય બનેલાં
# બનાસકાંઠાનાં તળાવો



માનનીય વડાપ્રધાન
શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના
વિઝનને પરિપૂર્ણ કરવા
ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ બનાસકાંઠા
જિલ્લાના ગામડે ગામડે નિર્માણ કરાયેલાં તળાવો
વરસાદી પાણીથી છલોછલ ભરાયાં છે.
આ પાણી ખેડૂતોને ખેતી કરવામાં,
પશુધનને પિવડાવવામાં અને પાણીનાં
તળને ઊંચાં લાવવામાં
આશીર્વાદરૂપ બનશે.



# જય જગન્નાથ

**"અષાઢી બીજ ઊજવાય, જય જગન્નાથજી
રૂપકડે રથડે જગન્નાથજી જોવા મળે"**






માનનીય ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ભગવાન શ્રી જગન્નાથજીની પવિત્ર રથયાત્રાની સૌ પશુપાલક અને ખેડૂતોમિત્રોને હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી તેમજ ભગવાન જગન્નાથની રથયાત્રાની પૂર્વસંધ્યાએ જમાલપુર મંદિરે દર્શન કરી પશુપાલકોની સુખાકારી અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.

# વિશ્વ પર્યાવરણ દિવસ

## પર્યાવરણની સુરક્ષામાં બનાસ ડેરી અગ્રેસર







માનવજીવનની સલામતી માટે પર્યાવરણને સુરક્ષિત અને સંરક્ષિત રાખવાની જરૂર છે. આધુનિકતા તરફ આગળ વધી રહેલી દુનિયામાં વિકાસના પંથે આપણે એવી ઘણી વસ્તુઓનો ઉપયોગ શરૂ કર્યો છે, જે પૃથ્વી અને પર્યાવરણ માટે ઘાતક છે. માનવી અને પર્યાવરણ વચ્ચે ઊંડો સંબંધ છે. પ્રકૃતિ વિના જીવન શક્ય નથી, પરંતુ માણસ આ પ્રકૃતિને નુકસાન પહોંચાડી રહ્યો છે. પર્યાવરણ સતત પ્રદૂષિત થઈ રહ્યું છે, જે જનજીવનને પ્રભાવિત કરવાની સાથે કુદરતી આફતોનું કારણ પણ બની રહ્યું છે. સુખી અને સ્વસ્થ જીવન માટે પ્રકૃતિ અને પર્યાવરણનું રક્ષણ જરૂરી છે. આ હેતુ માટે બનાસ ડેરી દ્વારા પર્યાવરણ બચાવવાની દિશામાં અલગ અલગ પ્રકારનાં અભિયાન ચલાવવામાં આવે છે અને લોકોને પર્યાવરણ વિશે જાગૃત કરવામાં આવે છે તથા પર્યાવરણની જાળવણી માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. આધુનિકતા તરફ આગળ વધી રહેલી દુનિયામાં વિકાસના પંથે આપણે એવી ઘણી વસ્તુઓનો ઉપયોગ શરૂ કર્યો છે, જે પૃથ્વી અને પર્યાવરણ માટે ઘાતક છે. માનવી અને પર્યાવરણ વચ્ચે ઊંડો સંબંધ છે. પ્રકૃતિ વિના જીવન શક્ય નથી. જો પર્યાવરણને આજે બચાવવામાં આવશે તો ભાવિ પેઢી પણ સુરક્ષિત રહેશે.




માનનીય ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરી છેલ્લાં કેટલાંક વર્ષથી ‘પર્યાવરણ બચાવો’ની દિશામાં સતત કાર્ય કરી રહી છે. વૃક્ષારોપણ અભિયાન, જળસંચય અભિયાન, સીડ બોલ મહાઅભિયાન ચલાવવામાં આવી રહ્યાં છે, જે લાંબા ગાળે રણવિસ્તારને અડીને આવેલા બનાસકાંઠા પ્રદેશને હરિયાળો અને પાણીદાર બનાવશે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી પોતાના કાર્યક્રમો માં સતત પર્યાવરણ સંરક્ષણ માટેનો સંદેશો આપતા હોય છે.

### સૂકા વિસ્તારને હરિયાળો બનાવવાનો એક ભગીરથ પ્રયાસ

બનાસકાંઠા જિલ્લામાં બનાસ ડેરી દ્વારા શ્વેતક્રાંતિ બાદ હરિયાળી ક્રાંતિ લાવવા માટે પણ પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. આજે જ્યારે આખી દુનિયા ગ્લોબલ વાર્મિંગના સંકટનો સામનો કરી રહી છે ત્યારે પર્યાવરણ સંરક્ષણનું એક વિરાટ કાર્ય ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરીએ શરૂ કર્યું છે. બનાસ ડેરીની મદદથી પ્રતિવર્ષ એક કરોડ છોડ વાવીને તેનું જતન અને સંવર્ધન કરવાના સંકલ્પને સાકાર કરવાની દિશામાં આ ભગીરથ પ્રયાસ શરૂ કરવામાં આવ્યો છે. બનાસકાંઠા જિલ્લો હરિયાળો બને તે માટે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં તેમના જન્મદિવસ પર જ જિલ્લામાં ૧૦ વર્ષમાં ૧૦ કરોડ વૃક્ષ વાવવાનો નિર્ધાર કરાયો હતો.

### બનાસ ડેરી દ્વારા જિલ્લાને હરિયાળો બનાવવા કરાયેલા પ્રયાસ

- ૧૦ વર્ષમાં ૧૦ કરોડ વૃક્ષ વાવવાનો સંકલ્પ કરાયો.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના ૭૦મા જન્મદિવસ પર ૭૦ હજાર વૃક્ષ વાવવામાં આવ્યાં.
- બનાસ ડેરી દ્વારા ૨૧,૦૦,૦૦૦ વૃક્ષ વાવવાનો નિર્ણય કરાયો હતો.
- ‘વિશ્વ પર્યાવરણ દિવસ’ નિમિત્તે દર વર્ષે જિલ્લા કક્ષા અને તાલુકા કક્ષાના વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરાય છે.
- “એક સભાસદ, વાવે વૃક્ષ વીસ” સૂત્ર અપાયું.
- જિલ્લામાં વન વિભાગ, સેવાભાવી સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને ધાર્મિક સંસ્થાઓની મદદથી ૬૭ લાખ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું





# વૈજ્ઞાનિક બીજદાન

## પશુ સંવર્ધન થકી પશુપાલકો માટે દૂધ ઉત્પાદનને વધુ નફાકારક બનાવવાનો એક પ્રયાસ



ભારત તથા સમગ્ર વિશ્વમાં પશુપાલન વ્યવસાયને વધુમાં વધુ નફાકારક બનાવવા માટે વૈજ્ઞાનિક બીજદાનથી પશુ સંવર્ધન એ પશુપાલન ક્ષેત્રમાં અવિભાજિત અંગ બની ગયું છે. આજે વિશ્વના પ્રગતિશીલ દેશોમાં પશુ સંવર્ધન વૈજ્ઞાનિક બીજદાન વધુમાં વધુ થાય છે. બનાસકાંઠા જિલ્લો ગુજરાતની ઉત્તર-પશ્ચિમ આંતરરાજ્ય તથા આંતરરાષ્ટ્રીય સીમા સાથે સંકળાયેલો છે, જેમાં મોટા ભાગનો વિસ્તાર ડુંગરાળ, રણ તેમજ આદિવાસી વિસ્તારમાં વહેંચાયેલો છે. આ જિલ્લાનો મુખ્ય વ્યવસાય પશુપાલન છે. જે જિલ્લાના ગરીબ લોકોને આજીવિકા આપે છે. આ જીલ્લામાં જગવિખ્યાત કાંકરેજ જાતિની ગાય, બળદ તથા મહેસાણી ભેંસ મુખ્ય પશુધન છે. જિલ્લા માટે ગરીબી નિવારણ તથા સામાજિક આર્થિક ઉત્થાન માટે પશુધન વ્યવસાય અસરકારક સાધન બની રહેલ છે, અછતનાં વર્ષોમાં ખેતી નિષ્ફળ નિવડે ત્યારે પશુપાલન એ આશીર્વાદરૂપ વ્યવસાય બની રહે છે. તે માટે જો પશુપાલકો પાસે વધુ દૂધ આપનાર પશુઓ હશે તો તેઓ આર્થિક રીતે વધુ મજબૂત બનશે. એ હેતુને ધ્યાનમાં રાખીને બનાસ ડેરી દ્વારા જિલ્લાના પશુપાલકોને વૈજ્ઞાનિક બીજદાન થકી પશુઓની નવી ઓલાદો મેળવી આપવામાં મદદ કરે છે.

### બનાસ ડેરી દ્વારા વિનામૂલ્યે વૈજ્ઞાનિક બીજદાન સેવા

બનાસકાંઠામાં હાલ દૂધ સંપાદનમાં કાંકરેજ (દેશી) ગાય, ભેંસ અને સંકર ગાયના દૂધનો સમાવેશ થાય છે, તેમાં કાંકરેજ ગાયનું દૂધ તો નહીંવત્ પ્રમાણમાં જ આવે છે. બનાસકાંઠા જિલ્લામાં જતન અને સંરક્ષણ કરવા બનાસ ડેરીએ કાંકરેજ ગૌવંશ સુધારણા અને સંરક્ષણ કાર્યક્રમ અમલમાં મૂકેલ છે.

હાલમાં લોકો દેશી ગાયના દૂધ અને દૂધની બનાવટોનો ઉપયોગ ઊંચી કિંમત ચૂકવીને કરતા થયા છે. પશુપાલનના ધંધામાં કાંકરેજ (દેશી) ગાયનું ભવિષ્ય ખૂબ જ ઊજળું દેખાઈ રહ્યું છે. તેથી ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ કાંકરેજ ગાયના સંવર્ધનને વેગ આપવા ડેરીની ૪૮મી વાર્ષિક સાધારણ સભામાં જાહેરાત કરી હતી કે કાંકરેજ ગાય માટે સારવાર અને બીજદાન સેવા વિનામૂલ્યે બનાસ ડેરી દ્વારા કરવામાં આવશે. તેના અનુસંધાને નિયામક મંડળની બેઠકમાં આ બાબતે સર્વાનુમતે મંજૂરી સંઘના નીતિ નિયમોને આધીન કાંકરેજ ગાયની ઓપરેશન સિવાયની સારવાર અને બીજદાન સેવા વિનામુલ્યે આપવાનું શરૂ કરેલ છે. આ સેવાનો લાભ વધુ ને વધુ દૂધ ઉત્પાદકો લઈને કાંકરેજ સંવર્ધનને વેગ આપે તેવો અનુરોધ બનાસ ડેરી દ્વારા પશુપાલકોને કરવામાં આવ્યો છે.

### વૈજ્ઞાનિક બીજદાન જ કેમ કરાવવું જોઈએ?

- વૈજ્ઞાનિક બીજદાન સસ્તું અને સુરક્ષિત છે.
- પ્રાકૃતિક ગર્ભાધાન વખતે સાંઢના માલિકને પૈસા અથવા કીમતી વસ્તુઓ આપવી પડે, એ ના કરવું પડે તે માટે વૈજ્ઞાનિક બીજદાન અપનાવવું જોઈએ.
- પશુને ઘરે રાખીને કૃત્રિમ બીજદાન થઇ શકે છે, જ્યારે પ્રાકૃતિક ગર્ભાધાન સમયે પશુને બહાર લઇ જવું પડે છે.
- સારી નસલના સાંઢ મળવા મુશ્કેલ છે અને જો સાંઢ શારીરિક રીતે વજનદાર જોય તો પ્રાકૃતિક ગર્ભાધાન સમયે આપણા પશુને ઈજા પણ થઇ શકે છે.
- જો સાંઢને કોઈ સંક્રામક રોગ હશે તો તે આપણા પશુને પણ લાગી શકે છે.
- વૈજ્ઞાનિક ગર્ભાધાન કરાવવા માટે દૂર જવું પડતું નથી, એક કોલ કરવા પર વૈજ્ઞાનિક ગર્ભાધાન કરવાવાળા AIAI ટેક્નિશિયન તમારા ઘરે આવી જાય છે, જેના માટે થોડી રકમ આપવી પડે છે.
- વૈજ્ઞાનિક ગર્ભાધાન માટે જે સાંઢનું વીર્ય વાપરવામાં આવે છે તે સાંઢ ઉચ્ચ ગુણવત્તાવાળો જ હોય છે, જેનું પાલન વૈજ્ઞાનિક પદ્ધતિથી કરવામાં આવે છે, જેનાથી તેઓ સંપૂર્ણ સુરક્ષિત હોય છે.
- વૈજ્ઞાનિક ગર્ભાધાનથી નસલ સુધારવાનું કામ ઘણી સરળતાથી થઇ જાય છે, જો તમારા પશુનું ગર્ભાધાન ઉત્કૃષ્ટ નસલના સાંઢથી કરવામાં આવે છે તો જન્મ લેનાર પશુનાં બચ્ચાં પણ ઉત્કૃષ્ટ જ હશે અને વધારે દૂધ આપશે.
- દૂધ આપવાની ક્ષમતા વધારવા માટે વૈજ્ઞાનિક ગર્ભાધાન બહુ જ જરૂરી છે.



# બનાસ ડેરીએ ગળસૂંઢા રોગને અટકાવવા શરૂ કર્યો રસીકરણ કાર્યક્રમ

## પશુધનની સલામતી-સુરક્ષા અને સ્વાસ્થ્ય માટે આજે જ લગાવડાવો રસી



જિલ્લાની તમામ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને જણાવવાનું કે ગળસૂંઢો પશુઓમાં જીવાણુથી થતો અતિગંભીર રોગ છે, જેમાં પકડાયેલા પશુમાંથી અંદાજિત ૯૦ ટકા પશુઓનાં મૃત્યુ નીપજે છે. આ રોગના જીવાણુ પશુઓના શ્વસનતંત્રમાં હોય ત્યાં સુધી પશુઓને કશું નુકસાન કરી શકતા નથી, પરંતુ વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધે તેમજ કુપોષણ, કૃમિ તથા તણાવથી પીડાતાં પશુઓમાં આ રોગ જોવા મળે છે.

જીવાણુજન્ય ગળસૂંઢા રોગની પશુઓને અસર થાય ત્યારે પશુપાલકોને ઘણું જ આર્થિક નુકસાન ભોગવવું પડતું હોય છે. પશુની તંદુરસ્તી પણ કાયમી ધોરણે બગડે છે તેમજ જીવાણુથી થતા આ રોગના લીધે પશુઓના દૂધની ગુણવત્તા પણ ખરાબ થતી હોય છે.

### આ રોગના કારણે થતી કેટલીક અસર:

- અચાનક ખૂબ જ તાવ આવે છે અને આંખો લાલચોળ થઇ જાય છે, પશુ કાંપવા માંડે છે.
- પશુ ખાવા-પીવાનું બંધ કરી દે છે, અચાનક દૂધનું પ્રમાણ ઘટાડી નાખે છે.
- જડબા અને ગળા નીચે સોજો આવી જાય છે અને પશુને શ્વાસ લેવામાં તકલીફ પડે છે.
- જીભ સૂજી જાય છે અને મોઢામાંથી બહાર નીકળી આવે છે.
- પશુનાં મોઢામાંથી સતત લાળ ટપક્યા કરે છે.
- ઉપર મુજબનાં લક્ષણો દેખાવાનાં એક-બે દિવસમાં જ પશુ મૃત્યુ પામે છે.

ગળસૂંઢો જીવાણુથી થતો અતિગંભીર રોગ છે. આ વર્ષે પણ આ રોગને આવતો અટકાવવા માટે સમયસર રસીકરણ એકમાત્ર ઉપાય છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ રોગના અસરકારક નિયંત્રણ માટે બનાસ ડેરી દ્વારા સમગ્ર જિલ્લામાં ગળસૂંઢા રોગને અટકાવવાના ભાગરૂપે રસી ફાળવી રસીકરણ કાર્યક્રમ ફરજિયાત કરવા માટે ૨૦ જૂન, ૨૦૨૩થી અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

